# જાહેર નોટીસ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ **અધિનિયમ- ૧૯૭૬ કલમ ૪૨** અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯, નિયમ-૧૭.

## મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ)

સુરત શહેરી વિકાસ સત્તા મંડળે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ)ના મુસદ્દાની કામચલાઉ દરખાસ્તો તૈયાર કરવામાં આવેલ છે. ઉક્ત નગર રચના યોજનાના વિસ્તારના જમીન માલિકો અને હિત ધરાવતી વ્યક્તિઓની મિટીંગ તા. **૫/૧૨/૨૦૦૪ના રોજ રવિવારના દિવસે સવારે ૯.૦૦થી ૧૨.૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી, વરિયાવ મુકામે બોલાવવામાં આવી છે,** આ કચેરીમાં જેમના સરનામા પ્રાપ્ય છે, તેવા જમીન માલિકો અને હિત ધરાવતી વ્યકિતઓને વ્યકિતગત રીતે નોટીસ મોકલવામાં આવી રહી છે, પરંતુ કોઈક કારણોસર અધુરા સરનામા કે સરનામા ન હોવાથી જો કોઈ જમીન માલિક કે હિત ધરાવતી વ્યકિતને વ્યકિતગત રીતે નોટીસ ન મળેલ હોય તેમને આથી, આ જાહેર નોટીસ દ્વારા યોજનાના મુસદ્દાની કામચલાઉ દરખાસ્તો અંગે વિગતો, જાણકારી મેળવવા આ દરખાસ્તો સંબંધિત તેમના સૂચનો અને અભિપ્રાય આપવા માટે બેઠકમાં હાજર રહેવા જણાવવામાં આવે છે.

સદરહુ યોજનામાં મોજે વરિયાવ તા. ચોર્યાસીના નીચેના બ્લોક નંબરોનો સમાવેશ થયેલ છે. મોજે વરિયાવ, તા. ચોર્યાસીના બ્લોક નંબર. ૧૧૭૩/ પૈકી, ૧૧૭૪ પૈકી, ૧૧૮૧/પૈકી, ૧૧૮૨/પૈકી, ૧૧૯૨/પૈકી, થી ૧૧૯૪/ પૈકી, ૧૨૪૨થી ૧૨૫૪, ૧૨૫૬/પૈકી, ૧૨૫૯ થી ૧૨૮૨, ૧૨૮૩/૧, ૧૨૮૩/૨, ૧૨૮૪ થી ૧૨૮૬, ૧૨૮૭/૧, ૧૨૮૭/૨, ૧૨૮૮, ૧૨૮૯/ ૧, ૧૨૮૯/૨, ૧૨૯૦, ૧૨૯૧ થી ૧૩૨૮, ૧૩૨૯/પૈકી, ૧૩૩૦/પૈકી, ૧૩૩૨/પૈકી તથા હયાત મારગ, ખાડી, કેનાલની જમીનો.

સહી/-

(સિક્કો)

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તા મંડળ,
સુરત.

નંબર માહિતી-સુરત- ૪૬૦/૦૪